પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૫૦ | ૩ માર્ચ, ૨૦૨૦, મંગળવાર; ફાગણ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

દિલ્હી હિંસા મામલે સંસદમાં હોબાળો

દિલ્હીમાં કોમી હિંસાને લઈ ભારે હાબાળો થતાં : સાંસદો વચ્ચે ધક્કામુક્કી : કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહના રાજીનામાની માંગણી કરાઈ : સંસદના બજેટ સત્રના બીજા ચરણની ધારણા પ્રમાણે તોફાની શરૂઆત કરાઈ વડાપ્રધાન પાસેથી જવાબની માંગણી : ભાજપ અને કોંગ્રેસ વચ્ચે આક્ષેપબાજી

નવી દિલ્હી, તા. ૨

સંસદના બજેટ સત્રના બીજા તબક્કાની આજે તોફાની શરૂઆત થઈ હતી. ધારણા પ્રમાણે જ પ્રથમ દિવસે જ દિલ્હી હિંસાને લઈને સંસદમાં હોબાળો થયો હતો. કેન્દ્રિયગૃહ મંત્રી અમિત શાહના રાજીનામાની માંગ કરવામાં આવી હતી. દિલ્હી હિંસા પર પહેલા કોંગ્રેસ પાર્ટીએ પત્રકાર પરિષદ યોજીને ભારતીય જનતા પાર્ટી ઉપર પ્રહારો કર્યા હતા. ત્યારબાદ પણ ભાજપે પણ વળતા પ્રહારો કર્યા હતા. દિલ્હી હિંસાની ગુંજ આજે સંસદમાં પણ જોવા મળી હતી. સંસદમાં અમિત શાહના રાજીનામાની માંગ કરવામાં આવી હતી. સાથે સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસેથી જવાબની માંગ કરવામાં આવી હતી. એક બાજુ દિલ્હી હિંસામાં મોતના આંકડો વધીને ૪૭ ઉપર પહોંચી ગયો છે. દિલ્હી કોમી હિંસાને લઈને જોરદાર રાજનિતિ શરૂ થઈ ગઈ છે. આજે આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર સંદમાં પણ જારી રહ્યો હતો. સંસદમાં કોંગ્રેસ તરફથી અમિત શાહના રાજીનામાંની માંગ કરવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

ભારતમાં કોરોના વાયરસના બે પોઝિટિવ કેસ સપાટી પર

દિલ્હી અને તેલંગાણામાં એક-એક કેસ : ભયભીત થવાની જરૂર જ નથી આરોગ્ય મંત્રાલય સંપૂર્ણપણે સુસજ્જ છે : દર્દીઓની હાલત સ્થિર : હર્ષવર્ધન

નવી દિલ્હી, તા. ૨

કોરોના વાયરસનો આતંક વિશ્વભરમાં જારી છે ત્યારે આજે ભારતમાં પણ કોરોના વાયરસના વધુ બે કેસ પોઝિટિવ આવતા ખળભળાટ મચી ગયો હતો. આ બે કેસ પૈકી એક કેસ નવી દિલ્હીમાં અને અન્ય એક કેસ તેલંગાણામાં સપાટી પર આવ્યો છે. દિલ્હીમાં જે વ્યક્તિ કોરોનાથી ગ્રસ્ત છે તે ઈટાલીથી યાત્રા કરીને પહોંચ્યો હોવાની માહિતી મળી છે. ઈટાલીમાં કોરોના વાયરસથી મોતનો આંકડો ૪૦થી ઉપર પહોંચી ચુક્યો છે. યુરોપમાં સૌથી વધુ પ્રભાવિત દેશોમાં ઈટાલી છે. જ્યારે તેલંગાણામાં જે વ્યક્તિ કોરોના વાયરસથી પોઝિટિવ આવી છે તે હાલમાં દુબઈથી પરત ફરી છે. બંને લોકોને ચાંપતી નજર હેઠલ રાખવામાં આવી રહ્યા છે. કોરોના વાયરસના બે પોઝિટિવ કેસો સપાટી પર આવ્યા છે. ઈટાલી અને દુબઈથી આ બંને લોકો ક્રમશ આવ્યા છે. આજે પત્રકાર પરિષદ યોજીને કેન્દ્રિય આરોગ્ય મંત્રી હર્ષવર્ધને માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, કોરોના વાયરસના બે

પોઝિટિવ કેસને લઈને સાવચેતીના પગલા લેવામાં આવી રહ્યા છે. બે નવા કેસની સાથે ભારતમાં કુલ પોઝિટિવ કેસોની સંખ્યા વધીને ૫ થઈ ગઈ છે. ૬૬ દેશોથી વધુના કોરોના વાયરસે હાહાકાર મચાવી દીધો છે. હર્ષવર્ધને દેશવાસીઓને અપીલ કરતા કહ્યું છે કે, આનાથી ભયભીત થવાની કોઈ જરૂર નથી.

● અનુસંધાન પાન-૭ પર

નિર્ભયાના દોષિતોની ફાંસી ફરી ટળી

પવનની દયાની અરજી રાષ્ટ્રપતિ સમક્ષ પેન્ડિંગ હોવાથી ફાંસી ટળી : નવા આદેશ સુધી સ્ટે : અગાઉના આદેશ મુજબ ત્રીજી માર્ચના દિવસે સવારમાં ૬ વાગે ફાંસી થનાર હતી : નરાધમની ફાંસી ફરી ટળતા નિર્ભયાના માતા-પિતા ભારે નિરાશ થયા

નવી દિલ્હી,તા. ૨

નિર્ભયાના ચારેય અપરાધીઓની ફાંસીની સજા ફરીએકવાર ટળી ગઈ છે. નિર્ભયા ગેંગરેપ-મર્ડરના અપરાધીઓની ફાંસી ફરીએકવાર ટળી જતા નિર્ભયાના માતા-પિતાએ આને લઈને નારાજગી વ્યક્ત કરી છે. સાથે સાથે કોર્ટ દ્વારા અપરાધીઓની મદદ કરવામાં આવી રહી હોવાની વાત નિર્ભયાના માતા-પિતા દ્વારા કરવામાં આવી છે. નિર્ભયાની માતાએ કહ્યું છે કે, અપરાધીઓને ફાંસીને લઈને હવે સતત રાહ જોવામાં આવી રહી છે. ચારેય અપરાધીઓ પૈકીના એક પવનની દયાની અરજી રાષ્ટ્રપતિ પાસે પેન્ડિંગ હોવાથી પટિયાલા હાઉસ કોર્ટે ચારેયની ફાંસી પર આગામી આદેશ સુધી સ્ટે મુકી દીધો છે. અગાઉના આદેશ મુજબ ચારેય અપરાધીઓને આવતીકાલે ત્રીજી માર્ચના દિવસે સવારે છ વાગે ફાંસી થનાર હતી. આજે જ પવનની એક અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. બીજી બાજુ પવનને રાષ્ટ્રપતિ સમક્ષ અરજી કરી દીધી છે. પવનની દયાની અરજી રાષ્ટ્રપતિ તરફથી ફગાવી દેવામાં આવી હોવાની વિગત મળી છે. આ પહેલા સુપ્રીમ કોર્ટમાં આજે મામલો પહોંચ્યો હતો. સુપ્રીમ કોર્ટે બંધ બારણે આજે સુનાવણી કરી

● અનુસંધાન પાન-૭ પર

વિરોધપક્ષના દેખાવો - સંસદભવનની બહાર અમિત શાહના રાજીનામાની માંગ સાથે વિરોધ પક્ષોએ સૂત્રોચ્ચાર કરી દેખાવો કર્યા હતા... દિલ્હીની હિંસાના મામલે રાજ્યસભા અને લોકસભામાં ભારે ધાંધલ-ધમાલના પગલે મુલત્વી રખાયા બાદ રાહુલ ગાંધી, અધીર રંજન સહિત કોંગ્રેસના નેતાઓએ દેખાવો કર્યા હતા. સાથે સાથે પ્રધાનમંત્રીને પણ આ મામલે જવાબ આપવા સૂત્રોચ્ચાર કર્યા હતા....

ઈપીએફ જમા પર ૮.૬૫ ટકા વ્યાજદર યથાવત રહી શકે છે

નવી દિલ્હી,તા. ૨

દિલ્હી અને તેલંગાણામાં કોરોના વાયરસના બે પોઝિટિવ કેસ સપાટી પર આવ્યા બાદ ભારે દહેશત વચ્ચે કારોબારીઓમાં આજે દહેશતપૂર્ણ વેચવાલી રહી હતી. બીજીબાજુ કેન્દ્રિય શ્રમ મંત્રાલય દ્વારા એમ્પ્લોઈસ પ્રોઈડન્ટ ફંડ ઓર્ગોનાઈજેશન (ઈપીએફઓ)ના આશરે ૬ કરોડ ધારકો માટે મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવનાર છે. સીબીટીની પાંચમી માર્ચના દિવસે બેઠક યોજાનાર છે. જેમાં ઈપીએફ જમા પર ૮.૬૫ ટકા વ્યાજદરને યથાવત રાખવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. તમામ ઘટનાક્રમ પર માહિતી રાખી રહેલા લોકોનુ કહેવુ છે કે ઈપીએફઓના આશરે છ કરોડ ધારકો છે.

જમ્મુમાં 'સિટી ચૌક'નું નામ બદલીને 'ભારત માતા ચૌક' કરાયું

જમ્મૂ,તા. ૨

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કશ્મીરના જમ્મુ પ્રદેશના જમ્મુ શહેરના ધંધા-રોજગાર માટે જાણીતા વિસ્તાર 'સિટી ચૌક'નું નામ બદલીને 'ભારત માતા' ચૌક કરવામાં આવ્યું છે. ભારતીય જનતા પાર્ટી શાસિત જમ્મુ મ્યુનિસિપલ કોર્પોરેશને આ માટેના એક પ્રસ્તાવને ગઈ કાલે પાસ કરી દીધો હતો.

બેરોજગારી બેકાબુ : ૭.૭૮ ટકાની નવી ઉંચી સપાટી પર

સેન્ટર ફોર મોનિટરિંગ ઇન્ડિયન ઇકોનોમીએ આંકડા જાહેર કર્યા : ઓક્ટોબર ૨૦૧૯ બાદ સૌથી ઉંચે, શહેરી વિસ્તારોમાં બેકારીનો દર ઘટયો તો ગ્રામિણ વિસ્તારમાં વધ્યો

ન્યુ દિલ્હી,તા.૨

દેશમાં બેરોજગારીની સ્થિતિમાં કોઇ સુધારણા જોવા મળી નથી. ફેબ્રુઆરીમાં ભારતનો બેરોજગારી દર ૭.૭૮ ટકા પહોંચી ગયો છે. આ આંકડા છેલ્લા ચાર મહિનામાં સૌથી વધુ છે. સેન્ટર ફોર મોનિટરીંગ ઈન્ડિયન ઈકોનોમીએ ડેટા જાહેર કરી જાણકારી આપી છે.

ઉલ્લેખનીય છે કે સપ્ટેમ્બરથી ડિસેમ્બર ૨૦૧૯ના ચાર મહિનામાં બેરોજગારીનો દર ૭.૫ ટકા હતો. બીજી બાજુ બેરોજગારીનો દર ઓગષ્ટ અને ઓકટોબર ૨૦૧૯માં ૮ ટકાને પાર કર્યો હતો. સેન્ટર ફોર મોનિટરીંગ ઈન્ડીયન ઈકોનોમીના ડેટાનું માનીએ તો ભારતના ગ્રામ્ય વિસ્તારમાં બેરોજગારી દર ફેબ્રુઆરીમાં વધીને ૭.૩૭ ટકા પહોંચી ગયો છે. બીજી બાજુ શહેરી વિસ્તારમાં તે ૯.૭૦ ટકાથી ૮.૬૫ ટકા પર આવી ગયો છે. બીજી બાજુ ગ્રામીણ અને શહેરી બેરોજગારી દર વચ્ચેના અંતરમાં વધારો થયો છે.

સીએમઆઈઈના આંકડાના જણાવ્યા મુજબ ગ્રામીણ ક્ષેત્રોમાં બેરોજગારી દર છેલ્લા મહીનાના ૫.૯૭ ટકાની સરખામણીએ ફેબ્રુઆરીમાં વધીને ૭.૩૭ ટકા થયો છે. બીજી બાજુ શહેરી ક્ષેત્રોમાં તે છેલ્લા દર ૯.૭૦ની સરખામણીએ ઘટીને ૮.૬૫ પર આવ્યો છે.

જાન્યુઆરીમાં ૨૦૨૦માં ગ્રામીણ બેરોજગારી ૬ ટકા હતી અને ડિસેમ્બર ૨૦૧૯માં તે ૮ ટકા પર પહોંચી ગયો હતો. ગ્રામીણ ભારતમાં બેરોજગારીમાં ખૂબ જ ઘટાડો થયો છે. બીજી બાજુ શહેરી બેરોજગારીની વાત કરીએ તો જાન્યુઆરી ૨૦૨૦માં તે ખૂબ જ વધી ગયો છે.

ટેસ્ટમાં ભારતના સુપડા સાફ

ક્રાઈસ્ટચર્ચ, તા.૨

ન્યુઝીલેન્ડના હાથે વનડે શ્રેણી બાદ હવે ટેસ્ટ શ્રેણીમાં પણ ભારતના સુપડા સાફ થઈ ગયા છે. ક્રાઈસ્ટચર્ચ ખાતે રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં ભારતીય ટીમની આજે હાર થઈ હતી. ભારતીય ટીમ તેના બીજા દાવમાં માત્ર ૧૨૪ રન કરીને આઉટ થઈ ગઈ હતી. ટેસ્ટ ક્રિકેટમાં ભારતનો આ સૌથી ઓછો જુમલો પૈકી એક તરીકે છે. ભારત તરફથી બીજા દાવમાં તમામ બેટ્સમેનો ફ્લોપ રહ્યા હતા. ન્યુઝીલેન્ડ તરફથી ટીમ સાઉથી અને બોલ્ટે જોરદાર તરખાટ મચાવી દીધો હતો. ટીમ સાઉથીએ ૩૬ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી. જ્યારે ટ્રેન્ટ બોલ્ટે ૨૮ રન આપીને ચાર વિકેટ

● અનુસંધાન પાન-૭ પર